વડેચી માતાના ગુણ સંગ્રહનો ગ્રંથ.

બનાવનાર.

દ્વીવેદી ઉમેદેશ્વર ભગવાનજી.

ધાન કડીના તાલુકે દેગામ મુ નાં[illegible]

છપાવી પ્રસીદ્ધ કરનાર

દ્વીવેદી જગંનાથ ભગવાનજી.

અમદાવાદ.

ગદમભક્ત પ્રિન્ટિંગ પ્રેસ.

કીમત. ૦-૪-૦

સંવત ૧૯૪૫ સને ૧૮૮૯



સરસ્વતીનું સ્તવન.

———oOo———

પ્રથમ લાગુ ગણપતી પાય, સ્નેહે સમરૂ સરસ્વતી માય;
રંક પુત્રની જીભ્યા જસ આપજોરે.
અંગે સોળ ધરી શણગાર, મયુર ઉપ. થઇને સ્વાર;
વેગે આવી કુબુધીને કાપજોરે.
વીણા પુસ્તક ધારી માત, સોહાગી આવો સાક્ષાત;
તનની ત્રસના પ્રીતેથી પુરી પડે.
તતપર થઇને બેઠો બાળ, પધારો પ્રીતે આ કાળ;
હઇઆની હુંસોમાં ચુકો બહુ નડે રે.
પરવરતા મા પાસુ યસ, રસનામાં ઠીક વાધે રસ;

ગરીબને ગુણ ગાવા વરદાયણી તણા.
મા મુજ ઉપર કરશો મેહેર, તો સઉ થાસે લીલા લેહેર;
વાણીના વીશ તો નહી રહે મણારે.
કરગરૂ છું બે કરજોડ, ખાળો મારી ખાંપણ ખોડ;
હાંસીલાની હુંસો મા પુરી કરો રે.
જાચી બેઠો જોઇને વાટ, કલ્યાણી કાપો ઉચાટ;
મૈયા મારી વીનતી ધસીને ધરોરે.
સમરણ કરતાં સારો કામ, આળસ નાસી આવે હામ;
સુધ મનેથી સંતાને સંભારીઆંરે.
અરજી હરખી ધરજો કાન, કે છે ઉગરેશ્વર ભગવાન.
નેમ ધરીને પલકે મા પધારીયાંરે.

વડેચી માતાના ગુણ સંગ્રહનો ગ્રંથ.

સારૂ સારૂરે સુરત સેહેર એ રાગ.

ધન ધન વરદાયણી માત, શોભા બહુ સારી;
મા વીસ્વમાં છો વીખ્યાત જાવું બલીહારી. ટેક.
ત્રેણ લોકમાં નહી તુલ્યના, ઝળહળતી છો દેવી;
સુરીવર મુનીવર સીવ સરખા એ સ્નેહ ધરીને સેવી. ૧
ભક્તોનું મા રક્ષણ કરતાં, કરમાં આયુધ ધારી;
ખલક ખોળી દહીતોને માતે નાંખ્યા સંહારી. ૨
કૃપા કરી કલ્યાણી કાડે, અંત્રીક્ષેથી આવ્યાંરે;
રક્ષણ કીધું રંક તણું ભકતોને લાડ લડાવા. ૩
હાલ બીરાજ્યા ગાયકવાડી કલોલ પ્રગણે ગામ;
સઈડવ પાસે રૂપાલ મધે દેહું બાંધી ધામ. ૪
ગામ બારણે દક્ષણ દીસા દેર બાંધ્યુ બેસ;
વરખડીયોની ઝાડી વચે, બેઠાં બાળે વેશ. ૫
પુર્વ દીશાએ માનુ મુખડું. સોભીતું ચોદીસરે;
પ્રાતુસકાળે સુરીએ ઉગી પેહેલું નામે શીસ. ૬

સીંહાસન ઉપર મા ઉભા સોળ ધરી શણગાર;
કપરા રૂપે કોટીકી છે, તેજ તણો અંબાર. ૭
ચાર ભુજાએ ચુંડ મુંડને ચોળી નાખ્યા ચટકેરે;
માયાવીના મોહ ઉતાર્યા લાખેણીએ લટકે.
મન ઇચ્છાએ માજી આવ્યાં કઈ ધારીને કોડ;
સ્થાનકની ખુબી જોતા નથી કાંઈ ખાંપણ કે ખોડ. ૯
બે પીતળની દીવીયો ઉપર બે સોનાની હાર;
ડાબા જમણી બે આગળે અમર હાંડી ચાર. ૧૦
સાત ગોળાનું તોરણ બાંધ્યું તે પાસે બે તકતા;
બે બીજા મમાયા જોડે ચાર મળીને ઝગતા. ૧૧
બે બારણાં પીતળે જડેલા ભાવે જોગ બારી;
બે સામે ચોપદાર ચુનાના આગળ લોહા જાળી. ૧૨
જાળી વચ્ચે ડાબા જમણી બે દેવના દરશનરે;
ભૈરવ ધોકો લઈને ઉભા સામા શંભુતન. ૧૩
જાળી ઉપર ડાબા જમણી બે પુતળીયો પ્યારીરે;
બે ઘુમટ છે નાના મોટી મા મુખ સામી બારી ૧૪
ફરતી બાંધી ધર્મશાળા માંહી બાવા બળીયા રહેછે;
કરમાં એક તારા ઝાલી ભાવેથી કીરતન કહેછે. ૧૫
લેહેરી લોકો બહુ ત્યાં બેસી [illegible] ધોંટા કાહાડેરે;
ઉપરા ઉપરી ગજેટી ગાંજાના [illegible] ડે. ૧૬
મા મંદીરના ત્રણ દરવાજા બાગી જોયા ભાવેરે;
ચોથો ધાબાસુધો તે નીચે થઈ લોકો આવે. ૧૭
મા મુખ સામી બારી પાછળ બગીચો સારો શોભે;

નજરે જોતાં ફરીફરીને મનડું જોવા લોભ. ૧૮
અંદર જાતાં દીલ હરખાતાં જમણા હાથે જુવોરે;
તપેસરીનું ભોંયરૂં છે ને તેની જોડે કૂવો. ૧૯
બીજી ખુબી પુષ્પ ઝાડની ફુલ઼ંબ વનના ભોથાંરે;
ખટપટ કરતાં ભમર ભમતાં ગાજી મારે ગોથાં. ૨૦
જાઈ જુઈને કમળ કેતકી ચંપોને ચંબેલીરે;
કરણુ કેવડા ચારૂ ચંદન બાસ મુકે છે ઠેલી. ૨૧
વેલ વાલોળને વેલસડી નારંગી નવી જાતરે;
ગુલાબ ગલકી રહી છે પલકી સોભીતી શાક્ષાત. ૨૨
બાવચી બીજોરાં ચીનીકબાલા દાડમની ડાળાં;
લળી લળીને નીચે આવ્યાં દેખીતા રૂપાળાં. ૨૩
ફનસ ફરસી લીલા શ્રીફળ લીંબુડી રહી પાકી;
જામફળીના ઉપર પંખી ચાંચો મારે તાકી. ૨૪
કેળે કેળાં લચકે બાઝયાં ઝાડ રહ્યાં છે ઝોલે;
મોર બપઈયા ઉપર બેસી મધુરા નાદે બોલે. ૨૫
મોધરો મરડી રહ્યો છે ડમરો લેહેરો ખાયરે;
તે જગ્યાએ આળસ નાસી મીજાજ ઠંડો થાય. ૨૬
હજારી ગલના ગોટા ખીલી શોભી રહ્યા છે સારા;
આડા અવળી બહુ ઠેકાણે બાંધ્યાં તુળસીક્યારા. ૨૭
મેદીની માંહી વાડો રોપી અવળા સવળી સારીરે;
તેના વચ્ચે ઉમંગેથી ફરતા નરને નારી. ૨૮
શોભા સારી જાઉ બલીહારી જોતાં ખુશી થઈએ;
સુખ ત્રસાને ત્યાગ કરી જાણુ ત્યાં બેસી રહીએ. ૨૯

બાગનું વર્ણન બોહોળુ કરતાં તૂટે તનનો ટેકરે;
ઉપરછલ્લી બીના ગાઉ સોભીત વાળ્યો છેક. ૩૦
આ ખુબી સઉ જોઇને બારણે આવી ડાબા હાથે;
દક્ષિણની દિશાએ વળવું સ્નેહ ધરી મન સાથે. ૩૧
આગળ જાતાં જમણા હાથે કૂવો જોવો કોડેરે;
જળ સુધાં ભોંયમાંથી નીકળ્યો તળાવ તેની જોડે. ૩૨
તળાવનું તતબર કેવું ધીવાળુ લૂધડું ધોઇએ;
ચીકટ જાતુ સફેત થાતું દુધ સરીખું જોઇએ. ૩૩
મંમાયામાંહી સ્નાન કરેછે તેમાં જે કોઇ નહાશે;
ચાર હત્યાઓ ભસ્મ થઇને ગંગાનું ફળ થાશે. ૩૪
આ લીલા સઉ જોઇને પ્રાણી પ્રીતે પાછાં ફરવાં;
ચોખા મનથી આવી માના હરખી દરસન કરવાં. ૩૫
પુર્વ દિશાથી અંદર જાતાં વામ કરેછે ડેરીયે;
તેમાં મૂળ મમાયા વસીને ડંડે દુનીયા ઘેરી. ૩૬
નવે ખંડમાં કરી નામના તામર ત્રીસૂળ ધારીરે;
બીજી લીલા માની હેરે વીવેકી વિસ્તારી. ૩૭
આસો સુદી નોમના દહાડે ઓછવ થાયછે મોટો;
તે દીને પલ્લીનાં દરસન જુગમાં નાવે જોટો. ૩૮
આગળ માનુ હવન કરે માંહી ચીર ચુંદડી હોમાય;
વિપ્રો બેસી વેદ ભણે, માનુની મંગળ ગાય. ૩૯
મંગળ ખુબી લે સક રૂબી હઇએ હરખ ન માય;
અસ્ટમીએ પેહેલી ત્યાં નિશક પલ્લી ત્યાં પ્રગટાય. ૪૦
નોમના દિવસે મોહોટો મેળો જામે ઉલટ આણી;

તેનું વર્ણન મોટા મોટા વેદ વદે છે વાણી. ૪૧
ઘેર ઘેર ગરબા માંડવીયો લોક કોરાવે લટકે;
નવાંનવાં આભૂષણ પેહેરી, ગાતાં કોઈનવ અટકે. ૪૨
ચોકારીનું ચકલું કહેછે ત્યાં પુરૂષોની ટોળી;
વચ્ચે તુકી માંડવડી ગાતાં ઓળાઓળી. ૪૩
છેલછબીલા રૂપે રંગીલા રોફી રાતા ચોળરે;
વાંકી મેહેલે પાઘડીયોને મુખ ચાવે તંબોળ. ૪૪
આંખ્યોમાં શુરમા આંજેને તીણાં તીલક કરતા;
તોઈ ફેટોના કબજા પેહેરી ઠીક થઈને ઠરતા. ૪૫
ઘુટણ સુધી ધોતી ઢળકે, કમર બાંધે કશીરે;
કંઠે પુષ્પના હાર આરોપી કુદકા મારે મસી. ૪૬
બાઈઓ પણ માંહી બાહાર ઉડાવે ઘુમી ઠેરોઠેર;
ચોળી ઓળી ભામની ભોળી ભાંત ધરીને ભારે;
નેણામાં કાજળ સારી વાંકા અંબોડા વાળે. ૪૭
હરસે ગાતી થઈ મદમાતી જોતાં છટકે શોકરે;
તે વેળાએ મનમોજીલા લખો ફરતા લોક. ૪૮
લાલ ફરે લાકડીયો ઝાલી ભભકા મારી ભારે;
ફુલેલ અતર અંગે ચોળી રૂડી રોફો મારે. ૪૯
મોજીલા મંડળીઓ કાહાડે ઉરમાં ઉલટ ધારી;
શાહુકારો સિપાઈ બનીને દેખાડે હુંશિયારી. ૫૦
હુંશિલા હોંશિઆરી જણવે અતર ફુલેલ ઘાલી;
હુંપદ ધરતા અકડ ફરતા નેજા નિશાન ઝાલી. ૫૧
વહાલ ધરી વરઘોડો માનો ઠડે ખડે ત્યાં કાડે;

નાનાં વીધનાં વાજાં વેગે વાદીલા બજાડે. ૫૨
એક તરફે ત્રાંસા વાગે પખાજ કરે પોકાર;
કાંસી જોડા કરમાં ઝાલી, બંકા દેતા બાહાર. ૫૩
પડેડં પડેડં પડઘમ વાગે, ઢમ ઢમ વાગે ઢોલરે.
ઝુમ ઝુમ ઝાંઝર ખુમ ખુમ ખંજરી છુટા આપે બોલ. ૫૪
સારંગી સરોદા સરણે સુંદીર કરતી સોરરે,
સતાર તંબુરાને તાહું સઘળા કરતા ઘોર. ૫૫
ભેર કરે છે વચ્ચે ભું ભું ભુંગોળ બલે સુરરે.
તાળ તડાકા તાકી મારે, સુણતાં ઉપજે ઊર. ૫૬
કીડ કીડ કીડ કીડ કીડ તાળ કરતી માય ડફડાણું નાબતોરે,
ડંમ ડંમ વાગે ડાબડીયો, નરધાંની જુદી ગત્પો. ૫૭
રણુસીંગા રંગીલા રૂડા રાગ કરે રસાળરે.
બીંગળ બણુગા કર ઝાલી બેશ બનાવે બાળ, ૫૮
પાવા નર પાતળીયા ફુંકે વાંસળીઓ લેઈ વંકા.
બમણુ વાજા ધારી તાણી બેસ બજાવે બંકા. ૫૯
ગાજીને ઘડીયાળો વાગે મોરલી મીઠે નાદ,
ખંજર મંજર ઘંટા ગરજે વીણા લેતી વાદ. ૬૦
અબીલ ગુલાલ ઉડે છે અંદર ધુપતણી ધમરોળરે,
જે જે બોલી દાસો ડોલી ભણુતા સંવત સોળ. ૬૧
કૈક બોલે ખમા ખમા કૈક ચમર ઢોળેરે,
કૈહીક ભકતો આગળ નાચે કૈક કર વીંઝોવે. ૬૨
ખુબી જામે ફૂખડાં વામે જોતાં પોકે કોડરે,
વરઘોડાની સોભા જાણે, ઈંદ્રસરીખી જોડ. ૬૩

આખા ગામમાં આનંદ ઓછવ કરી સ્થાનકમાં જાયરે;
ત્યાં માનો વરઘોડો ઉતારી પ્રેમે લાગે પાય. ૬૪
પાયે લાગી પાછાં વળતાં હરખી નરને નારી,
તેવામાં તો પલ્લી માતાની થાય છે તઈયારી. ૬૫
આથમણી દીશાથી માતા પ્રગટે પાટીદારરે,
જાંએ જાંએ કરતાં કરતાં લાવે ઝાંપા બાર. ૬૬
પ્રથમ ઉતારી માહાંડમાને મનમાં ખુશી થાતારે,
ઘીનાં કુલે કુલાં ઢોળવા ઉપર ચડી જાતા. ૬૭
મન માન્યું ત્યાં ઘૃત ઢોળીને ચાલતાં નવ ચુકે,
જાણે જાંએ કરતાં બીજા ઝાંપે લાવી મુકે. ૬૮
તાંસાવાળા તતપર થઈને કરવાળારે ટોળે;
માએ આવી મકાન કર્યું કે ઘીની ઘડીસો ઢોળે; ૬૯
આવી રીતે રાત્યાવી જગ્યા એ છે વીસામ,
સઉ ઠેકાણે સરખી સોભા બેલુ બનતુ ગામ. ૭૦
મુબઈ સુધીના લોકો ત્યાં નોમના દીવસ આવે,
જેની જેવી બાધા તેવું ઘી ભરીને લાવે. ૭૧
ભારે મેળો થાય છે ભેળો બહુ માણસની ભીડ,
કૈક પડે ને કૈક રડે કૈકોને ચડતી ચીડ. ૭૨
કૈક બાહાને સામા સામી કૈક જઈ મુકાવે,
કૈક લડાવે કૈક સામા ઉશળા લેઈ આવે.
કૈક જણા મહી માંજે માણે કૈને પડતી કસ્ટીરે,
ઉપરથી પોલીસો મારની વરસાવે છે વસ્ટી. ૭૪
છોકરાવો લંગોટા વાળી ઘી લુંટે ઉછાળે.

કાચું પોચું માણુસ જોઈ લુચડુ કુટી ખાએ. ૭૫
આડે રસ્તે જ્યાં જોઈએ ત્યાં ધીનાં નેળાં વેતા;
લોકો જોતાં દુઃખજ ખોતાં ખુબ ખુસીમાં રેતા. ૭૬
નજરે જોતાં મનડાં મોહાતાં નામે પાણી તરતા.
આવી રીતે લોક મળી લાખ્યેણી લીલા કરતા. ૭૭
છેવટ પલ્લી લાવી મુકે માના મંડપ માયરે,
જય બોલાવી સર્વે પેલા તળાવમાં જઈ નાય. ૭૮
નાહી ધોઇને પ્રાશ્ચીત ખાઇને મા મંદીરમાં આવે,
નરખી હરખી નારાયણીના આગળ સીશ નમાવે. ૭૯
કગરી વગરી કાનો પકડી માગી માની મેહેરરે,
જાંબે જાંબે કરતાં પ્રાણી પ્રીતે આવે ઘેર. ૮૦
ગરબો પુરણ પ્રીતે ગાસે જે હરખીને મનરે;
અપૂત્રીયો તે પૂત્રજ પામે નીરધન પામે ધન્ય. ૮૧
વરદાયણી મા વારે આવી પૂરે મનની આશરે,
હરખીને ઊગરેસ્વર કહે વૈકુઠે થાસે વાસ. ૮૨

———:૦:———

ગરબો ૨ જો.

ફુટ ફુટ પાવાના એ રાગ

માજી મને આનંદ ઉપન્યો છે આજ કે અતીસય ઉરમાંરે. લોલ;
ગાવા ગરબો ગાજી અવાજ કે સુરપતી સૂરમાંરે લોલ. ૧
સારતુની સુંદીર રાત કે પૂરણ સસી થયોરે લોલ,

સોભા સરસ સ્વરગ સમાન કે ઉર ઉમંગ સ્હોરે લોલ. ૨
માયે સજીઆ સોળ સણુગાર કે અંગ ઉમંગ ધરીરે લોલ.
ભાવે ભરપુર ભોળી ભવાની કે હીક હામે ઠરીરે લોલ. ૩
ચોળી ચણીઓ ચુંદડી ચીર કે કસબી કોરનારે લોલ,
લાલ ગુલાબી વાદળી રંગ કે ટબકી ગોરનારે લોલ. ૪
નાકે નથવેસરની વાળી કે જડીત્ર હીરાકણીરે લોલ,
ચુનીયો ચળકતી ચોદેશ કે ટબકી તારા તણીરે લોલ. ૫
અધર પ્રવાળા સરખા દીસે કે દંત કળી સમારે લોલ;
કેસરી કૂમ કૂમ આડ કપોળ કે ભાલ દીસે રમારે લોલ. ૬
સોભે બે હીરા બે ગાલ કે હબચી ઓપતીરે. લોલ,
કંઠે ઉર એકાવળ હાર કે સુંદીર સોભતોરે લોલ. ૭
કાનમાં કૂંડળ વાળી લોલક મન જોતાં ઠરેરે લોલ,
વાંકી અંબોડાની મોળકે સેસ ફીણુા તરેરે લોલ. ૮
વાળે વાળે પરોયાં મોતીકે દામણી ઝબમબેરે લોલ,
રત્ને કીધો છે જડાવ કે તેજ બહુ તગ તગેરેલાલ. ૯
સેંથો સીંદૂરે પૂરેલકે તાલ બહુ તે તણોરે લોલ.
અંતર ફુલેલનો સોરંગકે ઉડે અતી ઘણોરે લોલ. ૧૦
બાંહે બાજુબંધ બજોઠા કે ઘુઘરી બેરખીરેલોલ;
વાંકે વાજ્યો છે ઘટાવ, કેડછે ભાત મખીરે લોલ. ૧૧
પુચે ચંદન ચુડી રૂડી કે સોને લીધી મડીરે લોલ;
છંદ છલેયાં કંકણુ લોળકે માહા મુલની પડીરે લોલ. ૧૨
દશ આંગળીએ વેઢને વીટી કે નખમાં નહીં મણારે લોલ,

નખ નવ લક્ષ તારાની શામાનકે ઝળકે ચાર ઘણારે લો૦
ચરણે સાંકળાં કલ્લાં કાંબી કે ઝાંઝર ઝમકતાંરે લોલ,
દીપે છે અંગુઠાં અંગુઠી કે ફુલ ઘુમ ઝમકતાંરે લોલ. ૧૪
ઘુઘરા ઘુઘરીનો નાદી પારકે પ્રીતે પલવટેરે લોલ;
ફુમતાં ફરકતાં ચોટેલા કે સેંથીને લટેરે લોલ. ૧૫
બાળી બણી કર્ણીને ભેરાકે તતપર થઈ ગયાંરે લોલ,
મૂખમાં બત્રીસ પાનનાં બીડાં કે લેઈ લાહાવે રહ્યાંરે લોલ.
લીધો સોનાગર ઓરીશ કે રત્ન જડાવનોરે લોલ,
ઝળકે ઝગાહળ દીપક માંય કે ભાનૂ ચડાવનોરે લોલ. ૧૭
વીજળી વેગે આવ્યા બાહાર કે સોભા અતી ઘણીરેલોલ,
જોડે રમવા ચાલી આવી કે ચોસેઠ જોગણીરે લોલ. ૧૮
ફરતો મંડપ રચીયો સાર કે ઝઘમઘ જોરમાંરે લોલ,
મણી મુકતાફળ માણક મોતી ઝળકે ઉદ્યોતમાંરે લોલ. ૧૯
ઘુઘરા ઘુમ ઘુમ કરતા ઘોર કે સોર અતી થતોરે લોલ.
નારદ સારદ વીણા વાયકે રાતાર સોભતોરે લોલ૦ ૨૦
સીવ સનકાદીક ધરતાં ધ્યાન કે ઇંદ્ર આદરેરે લોલ,
નવ ગ્રહ નીરખી નઉતમ માત કે ગાંધર્વ ગાન કરે લો. ૩૧
દશ દીગપાળ રહ્યા દેવી દ્વારકે દીનમણી દેવતારે લોલ.
મુનીવર મુનીવરને સેસનાગ સમાધીમાં સેવતારે લોલ. ૨૨
મળીયા તેત્રીસ કોટી દેવ ગગને વૈમાનમાંરે લોલ,
ચંદન પુષ્પ અબીલ ગુલાલ અગરબતી રાનમાંરે લોલ. ૨૩
આવ્યા ગરબે ગાવા માત, વચ્ચે વરદાયણીરે લોલ,

પાસે પાવાઘઢની રાણી કે કાળકા પોયણીરે લોલ. ૨૪
તુળજા અંબા બહુચર બાળી કે વેરાઈ તોતળારે લોલ,
સોભા રીધતણી રીધવાઈ ધનેસ્વરી રામળારે લોલ. ૨૫
ભોળી ભરવીને ભ્રમાણી કે ખોડીયાર ખાંતથીરે લોલ,
રૂડા રૂપેથી રૂદ્રાણી કે ભવાની ભ્રાંતથીરે લોલ; ૨૬
આસાપુરીને હીંગળાજ ઓપે અંનપુરણારે લોલ,
વાલ વંદા કોડે કલ્યાણી કે લોકાઈ ફૂરણારે લોલ. ૨૭
વાધ્યાં વારાહી ધરી પ્યાર કે જગન જળ દેવતીરે લોલ.
માહાકાળીને ખેત્રપાળ કે લક્ષ્મી દેવતીરે લોલ. ૨૮
ઓપે હસદને ઉમીયાએ કે ગનદેરારી ગાજતીરે લોલ;
માહાલે માહાલક્ષ્મી તે માંય છત્રેસ્વરી રાજતીરેલોલ. ૨૯
ચાચર ચકએ ચડીયો ચાક કે ચીત જોતાં ચળેરે લોલ,
અવની વાધ્યો ઊર ઊમંગ કે રંગમાં રંગ મળેરે લોલ. ૩૦
ગગને ઘટાબની ઘમઘોર કે સોર થતો અતીરે લોલ,
વાગે તાળીની તમ ઝટ ઉલટમાં ઓપતીરેલોલ. ૩૧
સાથો સાથ પડે ઝટ હાથ કે માત મનોહરારે લોલ,
વાગે વાજંત્રનાં વેધ કે જોઈ વીધી હર્યારેલોલ. ૩૨
પગની પડતી પગની પાની કે લેહેકે લળી લળીરેલોલ,
ભભકે ભાસે ભદ્ર ભવાની કે વયમાંવપુ વળીરે લોલ. ૩૩
વરસે અબીલને ગુલાલ કે કેસર છાંટણારે લોલ,
કંઠે બેવડા પુષ્પના હારથી ઓપે અતી ઘણાંરે લોલ. ૩૪
બાળા બણી ઠણીને ગાતા, કે સોભા શી કહુંરે લોલ,
કહે ઉગરેશ્વર બે કરજોડ કે નવ રાત્યો સહુરે લોલ. ૩૫

—ooo—

ગરબો ત્રીજો.

આવ્યો આવ્યો શ્રી નંદાજીનો લાડકોરે.
ભજો ભાવે વરદાયણી માતનેરે,
સુધ મને સેવો આશાતનેરે. ભજો૦
મારે કૃપા કરી છે આજ કાલમાંરે,
રૂડા રૂપે વસ્યાં રૂપાલમાંરે;
જોયા જાગતી તે હાલમાંરે. ભજો૦ ૧
માયે વરખડીયો વાહાલી કરીરે,
સુભ જગ્યા જોઈને રહ્યા ઠરીરે;
નવે ખંડ થઈ નાંમના ખરેખરીરે ભજો. ૨
મૈયા કોટીક કસ્ટને કાપતાંરે,
સ્થીર મને કરીને થાપતાંરે;
સેવે સ્વરગ તણું સુખ આપતાંરે. ભજો. ૩
માએ વંઝાનાં મેણાં ભાગીયાંરે
પંડ રોગીનાંદુખ રહે લાગીયાંરે;
અંધ અપંગાને આપ્યાં વર માગીયાંરે. ભજો. ૪
નીરધંનો જાચે જર પાંમીયારે,
દેવ દેવી ઈચ્છયાથી જાંમીયારે.
મોહોટા હઠીલાને ડંડ દેઈ દામીયારે. ભજો. ૫
સેસ ભાવે ભજે બલદારીરે,
ભજે ભુમીના ભાર સકયો ધારી;
કૃપા દ્રષ્ટીએ કરે કીલકારીરે. ભજો. ૬

જમો જાચ્યા કુડે જોર મારેરે,
રાજા લેઈને ફરે હોકારેરે;
માના ભક્તો બીતી નવ ધારેરે. ભજો. ૭
મોહોટા જ્યોગી મુની માને આધે;
ધરી સમાધીને ઉલટે આરાધેરે.
તોયે દેવી દરશન નવ આપેરે. ભજો. ૮
ઈંદ્ર આદે તેત્રીસ કોટી દેવારે;
રોજ રૂડી કરે છે સેવારે;
તારેમાંણે સ્વર્ગનાં મેવારે, ભજો. ૯
ટેક સાથે વિશ્નુને ભમારે,
હારે આવી બોલે છે ખંમારે;
દેવ નીત્યે પધારેનંમારે. ભજો. ૧૦
દેવી ચોસઠ આવતી બારણેરે,
વરદાયણીને મળવા કારણેરે;
વારી વારી જાય છે વારણેરે. ભજો. ૧૧
નવગ્રહ હુકમ લેઈ ચાલેરે,
દુરાચારી તે દાંત પીસી ઝાલેરે;
માના દાસનો દાવ દીલે સાલેરે. ભજો. ૧૨
મેઘ સામી કરે મા દ્રસ્ટીરે,
તારે વરસે છે વીસ્વ માંહે મસ્ટીરે;
કોપ વેળા કેવી પડે કસ્ટીરે. ભજો. ૧૩
વેદ વીખાણે જસ કરજોડીરે,

માની મરજાદા નવ શકે તોડીરે;
ગુણ ગાઈને નામના છોડીરે. ભજો. ૧૪
રહ્યા રંગીલી ઠામ ઠામ વ્યાપીરે,
વસી વીસ્વમાંને વેદના કાપી;
ભજની કાંને સદ ગતી આપીરે. ભજો. ૧૫
જોત જોરે રહી છે નારનીરે,
પત બાંનાનુ રાખતાં ઉસારીરે;
હવાં રૂડાં રૂપાલના વારીરે. ભજો. ૧૬
કરી ક્રૃપા કલ્યાંણીયે કોડેરે,
આવ્યા ઈછ્યાએ તારવાને તોડેરે;
પણ હાર્યું તેજ સેજમ જોડેરે. ભજો. ૧૭
ઘણા દાસોનાં કાંમ માયે કીધાંરે,
ચોરાસીનાં દેવ તાંણી લીધાંરે;
ચડી ચોટે ચરણદાંન દીધાંરે. ભજો. ૧૮
માટે માંની સીખામણ મારીરે.
ભજો ભાવેથી સઉ નરનારીરે;
અલબેલાને ઉલટ ધારીરે. ભજો. ૧૯
ઉગરેસ્વરની છે સુધ સત્ય વાંણીરે,
તરી પાર ઉતરસો પ્રાણીરે;
માહા સુલ્યે લેજો સુખ માણીરે. ભજો. ૨૦

—000—

ગરબો ચોથો.

આવો મારે ઘેર માંણવાજી રાજ. એ રાગ.

અરજી લેજો ઉતારી વરદાયણી મા અરજી લેજો ઉતારી.

ઉરમાં ઉલટ ધારી. વરદાયણી. ટેક

પાલવ સાયો મા પ્રીતે તમારો,

ઘેગાં ઘસી વાત ધ્યાંનમાં ધારો;

બુડતાં તારોને બલદારી. વરદા૦ ૧

જ્ઞાન વીના ભુલ થાપ ખવાય છે,

મનુસ્યા દેહીનો મા ફેરો ફસાય છે,

વારે વાધો આવારી. વરદા૦ ૨

પાપે પુરો પ્રાણ નાંખ્યો ધુંચાવી,

બુધી મૂવે મારી મોહે ભુલાવી;

જોરે રમાડી જારી. વરદા. ૩

જમના ઝપાટા જોરેથી વાગે,

દરટે જોઇને ડર દીલમાંહી લાગે;

હીમત જાઉછુ હારી. વરદા. ૪

ગરીબ નવારીછુ ગુન્હા ભરેલો,

ઘડી ભજનમાં નથી ઠરેલો;

સુક માફ કરો મેં જખ મારી. વરદા. ૫

દાસના દોશમાં રોષ ન ધરીયે,

કસ્ટ હરીકૃપા કલ્યાણી કરીયે;

ઉમંગે લ્યો ઉગારી. વરદા. ૬

દવાળાં દેસમાં કેવાયાં સાંને,
અરજી માહારી બીજા કહી સહુ કાને;
તનની પીડા ત્રીપુરારી. વરદા. ૭
ગાંડો ઘેલો ગણી તન તમારો,
કોટી ચુકો નારાયણ નીવારો;
ખપરવાળાં ખુંખારી. વરદા. ૮
બાંહે બાઝી હવે બેઠોછું બાળા,
તાકી તાકીને જોઉછુ ટાળા;
મટવા કર્મ કુટારી. વરદા. ૯
ઉગરેસ્વર કરજોડીને કહેછે,
નઉતમ નામ નીત નેહથી લે છે;
સાચા દીલે સુખકારી. વરદા. ૧૦

ગરબો ૫ મો.

ઓ વાંસલડી એ રાગ.

ધન ધન ઘડી આજ રૂડો જામ્યો છે રંગ સોહામણો;
પાપ ગયાં પડી ગરબોને ગાતાં વરદાયણી માતતણો.
હાંરે માયે મેહર કરીને મતવાલી, ટેક.
ચડી ચોટ ચતૂર આવ્યા ચાલી;
સંકટ હરવા ઘેર્યો ઘાલી. ધન. ૧
હાંરે મનગમતી લીલા લેહર કરી,
સહુ સેવક ઉપર સ્નેહ ધરી;
પામરની પીડા પરહરી. ધન. ૨
હાંરે ગુણીયલ ગુજરાતે થઈ નામી,
કર્યાં પાપ મુકતથી બહુ કામી;
જળહળતી જોરાવર જામી. ધન ૩
હાંરે નવરાત્રીનુ સુખ શું કહીયે,
શું સુવીસ્તારીને ગઈએ;
રચના કરતાં અધવચ્ચ રહીએ. ધન ૪
હાંરે ઘેર ઘેર ઝવેરા સહુ વાવે,
અપવાસ કરે પૂરા ભાવે;
સ્થાનકમાં પડદા બંધાવે. ધન. ૫
હાંરે એ વેળા આરતીયો થાય,
ધુપ દીપ અખંડ નવ ઓલાય,

લોકો દોડી દરસને જાય. ધન. ૬
હાંરે જય જય બોલી પાડે તાળી,
વાગે છે ઘંટા ઘડીયાળી;
ઠેર ઠેર વ્યાપક રૂપાલ વાળી. ધન. ૭
હાંરે ઉડે અબીલ ગુલાલ કેસર ગોળી,
ભણે આરતી પૂરૂશોની ટોળી;
ગાય ગાણુા ભામનીયો ભોળી. ધન. ૮
હાંરે ઘન ઘટા ઘણી રહીછે ગરજી,
ખુબી સ્વરગ સરીખી રહી સરજી;
મન જોવાને કર તું મરજી. ધન. ૧૦
હાંરે નવરાત્રીની છે બલહારી,
ખુબી ગાતાં જાતું હારી;
દસરાનાં દરસન સુખકારી. ધન. ૧૧
હાંરે દસરાએ પુજા થાય પુરી,
નીવેદ કર સઉ મંજુરી;
સાહીત નવ રાખે અધુરી. ધન. ૧૨
હાંરે નહી ધોઇને નીરમળ થઈ હાડે,
સ્થાપન આગળ સાથીયા કાડે;
પછે પાસે નીવેદોની હાર પાડે. ધન. ૧૩
હાંરે ગંગાજળીયાં ભરીને પાણી,
પાસે મૂકે ઉલટ આણી;
થાળ ગાયને મા સુખ લે માણી. ધન ૧૪

હાંરે સેવ સુંવાળી સીરોને કંસાર,
કણુસઈ લાકડસઈની લાહર;
ચુરમા ઉપર ઘૃતની ધાર. ધન. ૧૫
હાંરે મગદળ બરફીને મેસુર,
હાંરે માને જમતાં બહુ વાધે ઉર;
દુધપાક બાસુદી ભરી ભરપુર. ધન. ૧૬
હાંરે ગુંજ્યાં ઘેબરને માલપુવા,
સુતરફેણીના તાર જુવા;
ઉપર ઘૃતના ફુટેલ ચુવા. ધન. ૧૭
હાંરે મુમઈનો હલવોને ધારી,
સીખંડ વેડમી બહુ સારી;
હાંરે બાસુદીની છે બલહારી. ધન. ૧૮
હાંરે મરકી ઠોરને સાકરીયાચણા,
ખીર રોટલી દહીંથરાં દળતણા;
હાંરે મસ મસતા મસ્યાલા છે ઘણા. ધન. ૧૯
હાંરે સુખડી ને તલધારી લાબસી,
શકરપારા ખાંડેથી કસી-
હાંરે બીરંજ કચોરી રહીછે મસી. ધન. ૨૦
હાંરે કાજુકળીયાને ગુંદવડાં,
સાકરીયા રોટલીનાં છે પડાં;
ખપરવાળાં આરોગવા ખડાં. ધન. ૨૧
હાંરે સાકરીયો દુધ દહી દ્રાક્ષ કઢી,

ભજીઆં મઠીયાં પાપડને વડી;
સુંદીર બનાવી દાળ છડી. ધન. ૨૧
હાંરે જાવેલના ફુલ સરખો ભાત,
અથાણુાંની સી કહું વાત;
રાયતાંની જુજવી જાત. ધન. ૨૨
હાંરે મેવા વીધ વીધના ભર્યા,
દાડમ ફોલીને દાણા કર્યા;
હાંરે જામફળ કેળાંના પડીયા ધર્યા. ધન. ૨૩
હાંરે માય અનુસરા ફળ ફળ પાકાં,
દીવડે સોવડે રોકયાં નાકાં;
હાંરે તમ તમતાં તળીયાં બહુ શાકાં. ધન. ૨૪
હાંરે આરીયાં તુરીયાં ગલકાં દૂધી,
કોળુ પરપર કાકેડ સુધી;
હાંરે ખુબી જોઈ ભુલૂ સમરૂધી. ધન. ૨૫
હારે વંતાક વાલોળને કારેલાં,
સુરણુ રતાળુ સારેલાં;
હાંરે બહુ સુંદીર ધીમાં ઝારેલાં. ધન. ૨૬
હાંરે પંડોરાં પાપડીયો ફોલી,
લીલવા કાડયા નસો ખોલી;
હાંરે ધમ ધમતા તળીયા દીલડોલી. ધન. ૨૭
હાંરે મીઠાં ગોલ્રાં ગવારફળી.
ગેગડાં બટાકા બેસ તળી;

મૂકયા છે હારોહાર મળી. ધન. ૨૮
હાંરે ભીંડા વણુ અળવીના ભજીયાં,
બહુ સ્વાદેથી સુંદીર સજીયાં;
હાંરે વાલ ચણા વટાણા લે રસીયા. ધન. ૨૯
હાંરે ધર્યાં પાનનાં બીડાં સ્નેહ ધરી,
ચતુરાઈ ઘણી તે માંય કરી;
હાંરે ખુબી જોતાં મન જાય ઠરીં. ધન. ૩૦
હાંરે સાંજે દસરા આવે દોડી,
મંમાયા દૂખ નાંખે તોડી;
હાંરે કહે ઉગરેસ્વર બેઉ કરજોડી. ધન ૩૧

સમાપ્ત.

મનહર છંદ.

કરૂણાથી કરગરી કહું સહુ કવિયોને,
કૃપા દ્રષ્ટિ કરી મારી ક્રોડ ચુકો કાપશો;
વાંચતાં વિચાર કરી વિવેકી વડાઈ સાથે,
વિશ્વમાંહી વાણીને વખાણી યશ આપશો. ૧
અલ્પગતીએથી ગુણ ગાંડા ઘેલા ગાયા છે તે.
ગુણીજનો ગુસ્સો મુકી શુદ્ધ મણી થાવજો;
મતલબ માંહી મેહેરબાનો ખરી ખોટી હોય,
જીગરેશ્વર ભુલ માફ કરી મન આપશો. ૨